
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃશ્ચિક**

**આજના ગ્રહોની કુંડળી**




**સવારે ૬.૨૫ ચંદ્ર તુલામાંથી વૃશ્ચિકમાં પ્રવેશે છે. આજે ચાંડાલ યોગ છે. સૂર્ય, શુક્ર ઉચ્ચના તથા મંગળ સ્વગૃહી છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** મંગળ - શનિ - ગુરુ અને બુધ ટૂંક સમયમાં વક્રી ચાલે ચાલતા ગ્રહો થાય છે જેથી અણધાર્યા બનાવો બને. ન ધારેલી સરળતા / નિષ્ફળતા પ્રાપ્ત થાય. સાવધ રહેવું.

**વૃષભ** ચાર - પાંચ ગ્રહો વક્રી ચાલે ચાલતા હોઈ આપના આજના દિવસ માટે કોઈ ભાવિ ભાખી શકાય તેમ નથી તેમ છતાં ઉચ્ચનો શુક્ર તમોને ઘણું સારું પરિણામ આપે તેમ છે.

**મિથુન** દસમે ઉચ્ચનો શુક્ર તમારે માટે ઉત્તમ પરિણામ લાવશે. ન ધારેલી જગ્યાએથી તમોને નાણાં મળવાપાત્ર થશે. આનંદમાં સમય પસાર થશે - કુંભ લગ્નવાળાને સાવધ રહેવું.

**કર્ક** કૂવામાં પાણી ભરવા ઘડો નાંકશો તો પાણીના બદલે સોનામહોરોથી ઘડો ભરાયેલ બહાર આવશે તેટલો સુંદર યોગ તમારા માટે આજે ચાલે છે - દિવસ આનંદમાં જશે.

**સિંહ** ચાંડાલ યોગ અને ચોથે ચંદ્ર માંગલ્ય યોગ - ચંદ્ર શનિની યુતિથી થતો વિષયોગ આમ બે ખરાબ યોગ અને બે સારા યોગ થતા હોઈ આખો દિવસ મિશ્રફળ મળશે.

**કન્યા** સાતમે ઉચ્ચનો શુક્ર એક જ સુંદરયોગ પૂરતો છે જે તમારો દિવસ આનંદમય પસાર કરવા માટે સારો છે - લોકોની વાતોથી ભરમાશો નહીં - દિવસ સારો જશે.

**તુલા** ચાર ગ્રહોની વક્રી ચાલ ગતિથી તમારા આજના દિવસ માટે અણધાર્યો દિવસ ગણી શકાય - મિશ્રફળ મળે - આનંદમાં અને સુખમાં દિવસ ઓછો જાય.

**વૃશ્ચિક** મંગળ - શનિની રાશિમાં વક્ર ગતિ તમારો રાશિ માટે એટલી બધી સારી નથી. દિવસ કારણ વગરની ચિંતામાં જાય. શું થશે, શું થશે એવું થયા કરે.

**ધન** આખો દિવસ મૂંઝવણભર્યો જાય - આમ કરી તો આમ થાય કે કેમ ? એવી દુવિધાઓથી તમારો આખો દિવસ પ્રશ્ન સૂચક મૂંઝવણોમાં જાય.

**મકર** આઠમે ચાંડાલ યોગને કારણે તમારો આખો દિવસ શંકા - કુશંકામાં જાય. મહેનત કરો પણ તમોને મહેનતના પ્રમાણમાં સંતોષ ના મળે.

**કુંભ** બીજે ઉચ્ચનો શુક્ર અને ત્રીજે સૂર્ય ઉચ્ચનો બંને શુભ ગ્રહોનો તમારા ઉદય માટે ઉચ્ચ સંકેત આપી જાય છે. પ્રગતિ પથ પર આગળ વધો.

**મીન** રાશિમાં ઉચ્ચનો શુક્ર તથા બીજે મેષનો ઉચ્ચનો સૂર્ય તમારે માટે ખરા અર્થમાં આગામી દિવસોનો વિજય યોગ કહે છે - દિવસ સારો જાય.

## આજે મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મતદાન માટે આજે બપોરે ૧૨ વાગે ચૂંટણીની ફરજો જે કર્મચારીઓને સોંપવામાં આવી છે તેમનું રેન્ડમાઈઝેશન કરી નિમણુંક પત્રો આપવામાં આવ્યા હતા તેમજ ઈ.વી.એમ.નું પણ રેન્ડમાઈઝેશન કરી તે મતદાન માટેની પોલિંગ ટીમને અપાયા હતા.

સાંજે ચાર વાગ્યા સુધીમાં તમામ મતદાન મથકો પર પોલિંગ ટીમ પહોંચી ગઈ હતી. આજે સવારે ૭.૩૦ વાગે મતદાન મથકો પર મતદાન શરૂ થતાં પૂર્વે મોક પોલ કરી ઈ.વી.એમ.નું ચેકિંગ રાજકીય પક્ષોના ઉમેદવારોના પ્રતિનિધિઓની હાજરીમાં થશે.

શહેરના ૨૦૨ મતદાન મથક પૈકી ૫૭ જેટલા મતદાન મથકો સંવેદનસીલ છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા ઉપરાંત મતદાન મથકો પર ૮૯૨ પોલીસ કર્મીઓ, ૭૦ મહિલા પોલીસ કર્મીઓ તેમજ એસ.આર.પી.ની બે કંપનીઓ તૈનાત રહેશે. સંવેદનશીલ મતદાન મથકો માટે સઘન પેટ્રોલિંગ પણ પોલીસ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યુ છે.

૧૧૮૨ પોલિંગ ટીમના સદસ્યોએ આજે મતદાન મથક પર પહોંચી મતકુટિરો તૈયાર પણ કરી દીધી છે.

તંત્ર દ્વારા મતદાન મથકો પર છાયાની અને પેયજળની ખાસ વ્યવસ્થા પણ ગરમીને નજરમાં રાખી કરવામાં આવી છે. આ ઉપરાંત પોલિંગ ટીમ માટે ઓ.આર.એસ.ના પેકેટ પણ તેમની કીટ સાથે આપવામાં આવ્યા છે જેને કારણે ગરમીમાં કોઈને સ્હેજ પણ બિમારી જેવુ લાગે તો તાત્કાલિક સારવાર આપી શકાય.

ગાંધીનગર મહાનગરપાલિકાની આ દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં ૪૬૪ ઈ. વોટર્સ નોંધાયા છે જે ગત સામાન્ય ચૂંટણી કરતાં ઓછા છે.

ગાંધીનગર મનપાના ચૂંટણીના પ્રચાર અભિયાનમાં રાજ્યના મુખ્યમંત્રી સહિતના પ્રદેશ અને જિલ્લાના આગેવાનો જોડાયા હતા. મનપાના આ ચૂંટણી જંગ પૂર્વે શહેરભરમાં રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે.

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

ભ્રુણ હત્યા, જાતીય સતામણી આવા અનેકો મુદ્દાઓ હોય શકે છે ગૃહિણી કે યુવતીના આપઘાતની પાછળ પણ હકીકત એ છે કે દેશમાં છેલ્લા થોડા વર્ષોમાં ગૃહિણી/યુવતીઓમાં આપઘાતનું પ્રમાણ વધી રહ્યું છે. એક તો ભારતમાં સેક્સ રેશિયો દર વર્ષે નીચો ને નીચો જતો જાય છે. અત્યારના સંદર્ભે ૧૦૦૦ પુરુષો સામે ૯૧૪ સ્ત્રીઓનો રેશિયો છે જેને ઉંચો લાવવા માટે તો ‘બેટી બચાઓ; જેવા કાર્યક્રમો કરવા પડી રહ્યા છે. આવા કાર્યક્રમો તો સફળ થાય ત્યારે સાચા અને એના સારા પરિણામો મળે ત્યારે સાચા પણ એ પહેલા જેને આપણે શક્તિ નો અવતાર અને ખુદ શક્તિ કે દેવી ગણીએ છીએ એવી ગૃહિણીઓ/યુવતીઓમાં વધતું જતું આપઘાતનું પ્રમાણ દેશની સામાજિક શિકલને બગડી નાખે એ પહેલા સહકાર, પ્રોત્સાહન અને સમાનતાથી એનો ઉકેલ લાવવો જરૂરી છે.

વિસામો :

અમેરિકામાં થયેલા તાજેતરના સર્વેક્ષણમાં આપઘાતનો દર છેલ્લા ૩૦ વર્ષોમાં સૌથી ઉંચો આવ્યો એમાં પણ અમેરિકન ઈન્ડિયન સ્ત્રીઓમાં ૮૯% નો વધારો જોવા મળ્યો..!!!

## ખેડબ્રહ્મા-શામળાજીમાં ચૈત્રી પૂનમે ભકતોની ભીડ

હિંમતનગર, તા. ૨૩

ખેડબ્રહ્મામાં ચૈત્રી પૂનમે મા અંબાનું યાત્રાધામ શ્રધ્ધાળુઓથી ઉભરાયું હતું. નાના અંબાજી તરીકે પ્રખ્યાત ખેડબ્રહ્માના પવિત્રધામમાં મા ભગવતીના દર્શને હજારો શ્રધ્ધાળુઓ માનવ મહેરામણ ઉમટી પડયો હતો અને મા ના ચરણોમાં મસ્તક નમાવી ધન્યતા અનુભવી હતી. તેજ પ્રમાણે યાત્રાધામ શામળાજી ખાતે પણ ચૈત્રી પૂનમ નિમિત્તે શામળીયાના ભકતોએ વહેલી સવારથી ઉમટી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. શુક્રવારે વહેલી સવારથી જ પવિત્ર ચૈત્રી પૂનમના દિવસે માતાજીના દર્શન તથા શ્રીફળ, કંકુ, ચુંદડી, પ્રસાદ ચડાવી ધન્યતા અનુભવતા માઈ ભકતોની લાંબી કતારો તથા ભીડ મોડે સુધી હતી. ભકતો પગપાળા સંઘોનો આ વર્ષે પણ ધસારો જોવા મળતો હતો. અમદાવાદ, વડોદરા તરફથી ૬૦ સંઘો બેન્ડવાજા સાથે અંબાના ચાચર ચોકમાં ઘૂમ્યા હતા.

## ફોટો ટોક....

■ હિરેન ભટ્ટ





કંઠમાં જો કોઈ મધુરત્તમ હોય તો તે કોયલનો કંઠ છે. આપણે લતા મંગેશકર જેવા સદીના મહાન ગાયિકાના કંઠને પણ ઉપમા આપવી હોય તો ‘કોકીલકંઠી’ એવી ઉપમા આપીએ છીએ... પરંતુ આશ્ચર્ય અને આઘાતની વાત તો એ છે કે, કોયલને તો ટહુકતાં જ નથી આવડતું !!! એ મધુર ટહુકા તો કોયલડો-એટલે કે નર કોયલ કરે છે. આમ છતાં સ્ત્રીઓ પ્રત્યે વિશેષ સૌજન્યશીલ આપણે ટહુકાનો સઘળો યશ કોયલને આપીએ છીએ... અને આ માટે કોયલડાએ ક્યારેય વાંધો પણ નથી ઉઠાવ્યો કે યશવંચિત રહ્યાનો દાવો પણ નથી માંડ્યો. આપણામાંથી મોટા ભાગના તો કોયલને ઓળખતા સુદ્ધાં નહીં હોય..! જેને કોયલ માનીએ છીએ તે શરીરે સંપૂર્ણ કાળો, લાલ આંખોવાળો કોયલડો છે, (પહેલી તસવીર) અને કોયલના શરીરે સફેદ નાના નાના ટપકાં હોય છે. (બીજી તસવીર) મહિલા દાક્ષિણ્ય આપણો ધર્મ અને સંસ્કાર છે, એટલે હજુ પણ ટહુકાનો સંપૂર્ણ યશ ભલે કોયલને જ આપીએ પણ આપણને ગમતાં જે ટહુકાથી આપણું અસ્તિત્વ હર્યું ભર્યું થઈ જાય ત્યારે એ કોયલડાનું સ્મરણ પણ અવશ્ય કરીએ...

# હિંમતનગર અને ઈડરમાં જાહેરમાં ધુમ્રપાન કરતા લોકો દંડાયા

**હિંમતનગર અને ઈડરમાં ટોબેકો કંટ્રોલ સોસાયટીની કાર્યવાહી : ૩૪૨૦ નો દંડની વસુલાત : જાહેરમાં ધુમ્રપાન કરનાર લોકો વિરૂદ્ધ કાર્યવાહી : શિક્ષણ સંસ્થાઓ નજીક તમાકુ મિશ્ર ગુટખાના વેચાણ કરનાર વેપારીઓ દંડાયા**

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં ટોબેકો કંટ્રોલ સોસાયટીના સભ્યો દ્વારા બુધવારે હિંમતનગર અને ઈડર સહિતના વિસ્તારોમાં કાર્યવાહી કરી જાહેરમાં ધુમ્રપાન કરનાર લોકો વિરૂદ્ધ કાર્યવાહી કરી રૂા.૩૪૨૦ના દંડની વસુલાત કરવામાં આવી છે. શિક્ષણ સંસ્થાઓ નજીક તમાકુ મિશ્રિત ગુટખાનું વેચાણ કરનાર વેપારીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ અંગે એપેડેમીક ઈન્ચાર્જ ડાૅ. અરૂણસિંહ ભાટીએ જણાવ્યુ હતું કે જિલ્લામાં ટોબેકો કંટ્રોલ સોસાયટી દ્વારા લોકોને બીડી, સિગારેટના વ્યસનમાંથી મુકત થવા માટેની સલાહ તથા માર્ગદર્શન આપવામાં આવે છે. તમાકુ મિશ્રિત ગુટખા ખાવાથી કેન્સર જેવી બિમારીમાં લોકો સપડાવા લાગ્યા છે ત્યારે જાહેરમાં ધુમ્રપાન કરનાર તથા શૈક્ષણિક સંસ્થાઓ નજીક તમાકુ મિશ્રિત ગુટખાનું વેચાણ કરનાર વેપારીઓ વિરૂદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. ટોબેકો કંટ્રોલ સોસાયટી તથા સ્થાનિક પોલીસના સહયોગથી બુધવારે હિંમતનગરના બસ સ્ટેન્ડ વિસ્તાર, હિંમત હાઈસ્કૂલ, માણેક કૃપા સ્કૂલ, ત્રિવેણી સ્કૂલની આસપાસ તપાસ કરી હતી.

જયારે ઈડર વિસ્તારમાં બસ સ્ટેન્ડ, કોલેજ રોડ વિસ્તારમાં તમાકુ મિશ્રિત ગુટખાનું વેચાણ કરનાર વેપારીઓ વિરૂદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરી રૂા.૩૪૨૦ ના દંડની વસુલાત કરવામાં આવી હતી. લોકોમાં તમાકુ ખાવાના કારણે થતા શારીરિક રોગ વિશેની જાણકારી આપવામાં આવી હતી.





ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામે મહમંદ શા બાવોના ઉર્સનું ઝુલુસ ગઈ કાલે કુબેરનગર દિવાન ઉમરશા મહમંદ શાના ઘરેથી નીકળ્યું હતું. આ ઝુલુસમાં હિન્દુ, મુસ્લિમ તેમજ દરેક સમાજના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં જોડાઈને કોમી એકતાના દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે વાવોલ ગામના સરપંચ કમલેશસિંહ ગોલ, વિક્રમસિંહ ગોલ, કુબેરસિંહ ગોલ, દશરથભાઈ પટેલ, કે.કે.ગોલ, મુસ્લિમ આગેવાનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા તેમ અગ્રણી બિલ્ડર અને આગેવાન શેર મહમંદ શેખ અને મહેબુબભાઈ શેખ, મહંમદભાઈ શેખ, ઉમરસા દિવાને જણાવ્યું છે.



અરવલ્લી જિલ્લાના બાયડ-ડેમાઈ રોડ પર ગોકુલધામ સોસાયટીના મેદાનમાં શુક્રવારના રોજ વીર મેઘમાયા વણકર સમાજ સુધારક સમિતિ ૪૭ ગામ સ્વયંમસાથી દ્વારા જિલ્લામાં સૌ પ્રથમ વાર સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. જેમાં સમગ્ર ગુજરાતના વણકર સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. બાયડ-ડેમાઈ રોડ પર આવેલી ગોકુલધામ સોસાયટીના મેદાનમાં શ્રી વીર મેઘમાયા સમાજ સુધારક સમિતિ ૪૭ ગામ સ્વયંમસાથી દ્વારા પ્રથમ સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૭ ગામ પરગણાના નવદંપતિએ પ્રભુતામાં પગલા પાડયા હતા.

# રતનપુરમાં યુવકની હત્યાના કેસમાં ત્રણને આજીવન કેદ

હિંમતનગર, તા. ૨૦

પોશીના તાલુકાના રતનપુર ગામમાં અકસ્માતમાં મૃત્યુ પામેલા ભત્રીજાની ઘટનાની અદાવતમાં કેટલાક શખ્સોએ તેં અમારા ભત્રીજાને મારી નાંખ્યો છે, જેનું વેર બાકી છે તેમ કહી યુવક પર હુમલો કરી હત્યા કરી દીધી હતી. યુવકની હત્યાનો કેસ ઈડરના એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતા શનિવારે ન્યાયાધીશે હત્યાના ગુનામાં ત્રણ આરોપીને કસુરવાર ઠેરવી આજીવન કેદની સજા સાથે રૂ. ૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. જયારે અન્ય એક આરોપીને બે વર્ષની સજા ફટકારી અન્ય ચાર જણાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

૪ મે ૨૦૧૨ના રોજ પોશીના તાલુકાના રતનપુર ગામમાં યુવકની હત્યાની ઘટના સંદર્ભેના કેસ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ઘટનાના ચારેક વર્ષ અગાઉ શકરાભાઈ સોનાભાઈ મકવાણાના ભત્રીજા પ્રકાશભાઈ બચુભાઈ મકવાણાનું રાજસ્થાનમાં અકસ્માતમાં મોત થયું હતું. જેની અદાવત રાખી મે-૨૦૧૨માં શકરાભાઈ સોનાભાઈ મકવાણા, ઈશ્વરભાઈ ગુલાબભાઈ, બળવંતભાઈ મકવાણા સહિતના શખ્સોએ કુંભાભાઈ સવજીભાઈ મકવાણા અને રાજાભાઈ સવજીભાઈ મકવાણા ઉપર તે અમારા ભત્રીજાને મારી નાંખ્યો છે. જેનું વેર બાકી છે તેમ કહી હુમલો કર્યો હતો. લાકડી, કુહાડી અને તીરના મારા સાથે થયેલ હુમલામાં કુંભાભાઈ મકવાણાને મોતને ઘાટ ઉતારી રાજાભાઈ મકવાણાને પણ ગંભીર રીતે ઘાયલ કરાતા ઘટના અંગે અણદાભાઈ સવજીભાઈ મકવાણાએ હુમલાખોરો વિરૂદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં હત્યાનો મામલો દર્જ કરાવ્યો હતો.

રતનપુર ગામના યુવકની હત્યાનો કેસ ઈડરના એડીશનલ સેશન્સ જજ સંજીવકમલ વેદપ્રકાશ શર્માની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ પ્રણય.જે. સોનીની દલીલોને આધારે ન્યાયાધીશે શનિવારે હત્યાના કેસમાં ત્રણ જણાને આજીવન કેદની સજા ફટકારતો હુકમ કર્યો હતો.

## રૂપાલમાંથી ઘર પાસે પાર્ક કરેલ બાઈક ચોરાયું

તાલુકાના રૂપાલ ગામે રહેતા અશોકભાઈ શંકરભાઈ ભોઈએ બુધવારે સાંજના સુમારે પોતાનું હિરો હોન્ડા બાઈક નં.જીજે.૯.સીજી. ૬૫૩૭ પોતાના ઘર પાસે પાર્ક કર્યુ હતું. રૂા. ૨૫ હજારની કિંમતનું બાઈક કોઈ ગઠિયો ચોરી કરી લઈ જતા વાહન ચોરી અંગે ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ટચૂકડી જાહેર ખબર

Gayatri
DJ
Keval Rawal
M : 9276837544

જોઈએ છે
ડ્રાઈવરો (પી.એફ. તથા ઈન્સ્યુરન્સના લાભ સાથે પગાર મળશે.)
સંપર્ક કરો : (સમય : ૯ થી ૬)
એમટેક ઈલેક્ટ્રોનીક્સ (ઈન્ડીયા) લીમીટેડ
ઈ-૬, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૬, ગાંધીનગર
મો. : ૨૩૨૮૯૧૦૧ થી ૧૦૩
મો. ૯૮૭૯૨ ૦૮૦૪૬

# વીરાવાડાના યુવકે કિશોરી પર દુષ્કર્મ આચરતા કૂવામાં ઝંપલાવ્યું

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગર તાલુકાના વીરાવાડા ગામના યુવકે સોમવારે રાત્રિના સુમારે સગીરાનું બળજબરીપૂર્વક અપહરણ કરી પોતાના મકાનના ધાબા પર લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહિ દુષ્કર્મ આચરનાર નરાધમ યુવકે કિશોરીના માતા-પિતાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા મકાનના ધાબા પરથી કૂદકો મારી ભયભીત બની ગયેલી કિશોરીએ સીમના કૂવામાં ઝંપલાવ્યું હતું. સદનસીબે કિશોરીને ગ્રામજનો સાથે પરિવારજનોની મદદથી બચાવી લેવાઈ છે. સામાન્ય ઈજાઓ થતાં તેને ગાંભોઈ અને હિંમતનગરની સિવિલમાં સારવાર આપી મેડીકલ પરિક્ષણ કરાયું હતું. બાદમાં કિશોરીએ વીરાવાડાના બે યુવક વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી ભાગી છુટેલા બંને યુવકોની શોધખોળ હાથ ધરી છે.

દુષ્કર્મની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર વીરાવાડા ગામમાં રહેતા મનીષ વિનુભાઈ વણકર અને કરણ રણછોડભાઈ વણકરે સોમવારે રાત્રિના સુમારે ચાલતી જતી સગીરાને આંતરી ગાળો ભાંડી હતી. ત્યારબાદ મનીષ વણકર નામના યુવકે સગીરાનું બળજબરીપૂર્વક અપહરણ કરી તેના મકાનના ધાબા ઉપર લઈ જઈ કરણને ધાબા ઉપર કોઈ ન આવી જાય તે ધ્યાન રાખવા ઉભો રાખ્યો હતો અને મનીષે કિશોરી પર મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. દરમિયાનમાં સગીરાના માતા-પિતા મનીષ વણકરના ઘર પાસે આવી જતા તેણે સગીરાને આ વાત કોઈને કરીશ તો તારા મમ્મી-પપ્પાને કાપી નાખી જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપતા કિશોરી ભયભીત થઈ ધ્રુજી ઉઠી હતી અને ધમકીના ડરથી તેણીએ મકાનના ધાબા પરથી નીચે કૂદી પડી સીધી સીમ તરફ દોટ મુકી હતી.

દુષ્કર્મની નરપિચાશી ઘટના સાથે માતા-પિતાને જાનથી મારવાની ધમકી અપાતા નરાધમના પંજામાંથી ભાગેલી કિશોરીએ સીમમાં આવેલા એક કૂવા પર જઈ કૂવામાં ઝંપલાવી દીધું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ